

ખેડબ્રહ્મા શહેરમા ૮ દિવસ પહેલા દલીત સંગઠનોએ કરેલા ભારત બંધના જવાબમા મંગળવારના રોજ અનામતના વિરોધમા કોઈ પણ સંગઠનના એલાન વગર વેપારીઓએ સ્વયંભૂ બંધ રાખી અનામતનો વિરોધ નોંધાવ્યો હતો.

# હિંમતનગર, પ્રાંતિજ, તલોદ અને વડાલીમાં બંધ નિષ્ફળ

હિંમતનગર, તા. ૧૦

અનામત દૂર કરવાના મામલે દેશમાં થઈ રહેલી ગતિવિધીઓના પ્રત્યાઘાત રૂપે મંગળવારે ભારત બંધનું એલાન આપવામાં આવ્યુ હતુ. ત્યારે સાબરકાંઠામાં ખેડબ્રહ્મા અને ઈડરમાં બંધ સફળ રહ્યો હતો જ્યારે જિલ્લાના મુખ્ય મથક તરીકે ઓળખાતા હિંમતનગર, પ્રાંતિજ, તલોદ અને વડાલીમાં બંધ નિષ્ફળ રહ્યો હતો. જો કે પોલીસતંત્રએ અગમચેતીના ભાગરૂપે સંવેદનશીલ પોઈન્ટો પર પોલીસ કુમુખ તૈનાત કરી દીધી હતી.

થોડા દિવસ અગાઉ સુપ્રીમ કોર્ટે અનામત બાબતે કરેલી ટીપ્પણીને લઈને દેશભરમાં તેના પ્રત્યાઘાત પડ્યા હતા. દરમિયાન દલિતો દ્વારા અનામત હોવી જોઈએ તેવી લાગણી સાથે ભારત બંધનું એલાન આપ્યુ હતુ. જેના કારણે ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં શાંતિમાં ખલેલ પહોંચી હતી. તો બીજી તરફ અનામત કાઢી નાખો તેવી લાગણી સાથેના સંદેશા સોશ્યલ મિડીયામાં ફરતા થયા બાદ તા. ૧૦ એપ્રિલને મંગળવારે

**ઈડર અને ખેડબ્રહ્માના બજારો સ્વયંભૂ બંધ રહ્યા**

ફરીથી ભારત બંધનું એલાન આપવામાં આવ્યુ હતુ. જેના ભાગરૂપે મંગળવારે સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા અને ઈડરના વેપારીઓએ તથા આમ પ્રજાએ ધંધા રોજગાર બંધ રાખીને બંધને સફળ બનાવ્યો હતો. જો કે બેંકો અને સરકારી કચેરીઓ ચાલુ રહેવા પામી હતી. બંધ દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસે સતત પેટ્રોલીંગ ચાલુ રાખ્યુ હતુ.

બીજી તરફ હિંમતનગર, પ્રાંતિજ, તલોદ અને વડાલીમાં બંધની કોઈ અસરો જણાઈ ન હતી અને સવારથી જ રાબેતા મુજબ શાળા કોલેજો તથા સરકારી કચેરીઓ અને બેંકોમાં કામકાજ ચાલુ રહેવા પામ્યુ હતુ. ઉલ્લેખનીય છે કે શાળા કોલેજોમાં અત્યારે વાર્ષિક પરીક્ષાઓ ચાલી રહી હોવાને કારણે વાલીઓ તથા વિદ્યાર્થીઓ સહિત સૌ કોઈ બંધના એલાનથી અળગા રહીને દિવસ દરમિયાન રાબેતા મુજબની કામગીરીમાં વ્યસ્ત હતા. તેમ છતાં હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળે પોલીસે બંદોબસ્ત ગોઠવી દીધો હતો તથા એસટી અને ખાનગી વાહનો પણ રોડ પર દોડતા રહ્યા હતા.

# હિંમતનગરમાં દોડની પ્રેકટીસ કરવા આવેલા માલગઢના આશાસ્પદ દોડવીરનું મોત

હિંમતનગર, તા. ૧૦

આગામી દિવસોમાં મહારાષ્ટ્રના પુના ખાતે યોજાનાર નેશનલ કક્ષાની દોડની સ્પર્ધામાં બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના માલગઢ ગામના એક ૧૭ વર્ષના વિદ્યાર્થીની પસંદગી થઈ હોવાને કારણે તે થોડા દિવસ અગાઉ દોડની પ્રેક્ટીશ કરવા માટે હિંમતનગર આવ્યો હતો. જ્યાં મંગળવારે સવારે અચાનક બેભાન થઈ જતા તેને સારવાર મળે તે પહેલા જ તેનુ મોત નિપજ્યુ હતુ. જે અંગે હિંમતનગર સિવિલના તબિબે હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

આ અંગે પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ડીસા તાલુકાના માલગઢ ગામે આવેલી શેઠ લચ્છાજી ઈન્દુજી માળી સ્કૂલના ધો. ૧૨માં ભણતા રાહુલ પુખરાજજી સોલંકીની દોડની નેશનલ કક્ષાની સ્પર્ધામાં પસેદગી થઈ હતી. જેથી તે તેની પ્રેક્ટીશ કરવા માટે ગત તા. ૩૦ માર્ચના રોજ હિંમતનગર આવીને મોતીપુરા વિસ્તારની એક સ્કૂલની હોસ્ટેલમાં રહેતો હતો અને સાબર સ્ટેડીયમમાં સવાર-સાંજ જઈને દોડની પ્રેક્ટીશ કરતો હતો.

દરમિયાન મંગળવારે સવારે રાહુલ દોડની પ્રેક્ટીશ કરતો હતો ત્યારે અચાનક ચક્કર આવતા બેભાન થઈ ગયો હતો. ત્યારબાદ તેને તરત જ સારવાર માટે હિંમતનગર સિવિલમાં લઈ જવાયો હતો. જ્યાં ફરજ પરના તબિબ રીટા સિન્હાએ તપાસીને રાહુલને મૃત જાહેર કર્યો હતો અને તે અંગે તેણીએ હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.





## પ્રાંતિજ ભારત બંધના એલાનથી બાકાત

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે ભારત બંધના એલાનની અસર જોવા મળી ન હતી. વેપારીઓ દ્વારા સવારથી જ દુકાનો ખોલી દેવામાં આવી હતી બંધને જાકારો આપવામાં આવ્યો હતો. અનામતના વિરોધમાં સવર્ણો- ઓબીસી દ્વારા આજે ભારત બંધનું એલાન આપવામાં આવ્યું હતું. સાબરકાંઠાના પ્રાંતિજ ખાતે બંધની અસર જોવા મળી ન હતી અને સવારથી જ વેપારીઓ દ્વારા રાબેતામુજબ દુકાનો ખોલી હતી. શાળા કોલેજો બેંકો સહિત ખુલ્લું જોવાં મલ્યુ હતું. પ્રાંતિજ સંપુર્ણપણે બંધના એલાનથી બાકાત જોવા મળ્યુ હતું. અનામતના વિરોધમાં સવર્ણો-ઓબીસી દ્વારા અપાયેલા બંધને જાકારો જોવા મલ્યો હતો તો તંત્ર દ્વારા પણ ભારત બંધના એલાનને લઈને પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેશન, બજાર વિસ્તાર સહિતના વિસ્તારમાં ચુસ્ત પોલિસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# મોડાસાની મદની પ્રાઈમરી સ્કૂલમાં ૭ વિદ્યાર્થિનીઓને શિક્ષકોએ માર મારતા હોબાળો

## વાલીમંડળે ટ્રસ્ટમાં ઉગ્ર રજુઆત કરતા શાળાના આચાર્ય સહીત ૬ શિક્ષકોને સસ્પેન્ડ કર્યા

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જીલ્લાના લઘુમતી સમાજની અગ્રણી શૈક્ષણિક સંસ્થા અને ધી મુસ્લિમ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત મોડાસાની મદની હોબાળો શાંત થયો હતો.

મોડાસાના ડુઘરવાડા રોડ પર આવેલી મદની પ્રાઈમરી સ્કૂલમાં ૫ એપ્રિલના રોજ સ્કૂલમાં ચાલુ પીરીયડે વિદ્યાર્થીનીઓ અંદર અંદર નાખવાની ચીમકી ઉચ્ચારાતા વિદ્યાર્થીનીઓ ગભરાઈ ઉઠી કોઈને જાણ કરી ન હતી પરંતુ આ ઘટના અંગે શાળામાં અભ્યાસ કરતા અન્ય બાળકોએ તેમના વાલીઓને જાણ કરતા શિક્ષકો દ્વારા ૭ વાલી મંડળમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો અને આ અંગે મંગળવારે સ્કૂલમાં પહોંચી વાલીઓએ હોબાળો મચાવી ઉગ્ર રજુઆત કરતા ટ્રસ્ટી મંડળે વાલીઓનો ગુસ્સો સાતમા આસમાને પહોંચેલો નિહાળી







પ્રાઈમરી સ્કૂલમાં અભ્યાસ કરતી ૭ વિદ્યાર્થીનીઓને ૩ જેટલા શિક્ષકોએ સામાન્ય બાબતે ક્લાસ બહાર કાઢી લાકડી અને ફૂટપટ્ટીથી મુઢમાર મારી અને ઘરે કોઈને કહેશો તો તમારું ભવિષ્ય ખરાબ કરી નાખવાની ધમકી અપાતા આ અંગેની જાણ અન્ય વિદ્યાર્થીઓ દ્વારા કરતા મોટી સંખ્યામાં વાલીઓ શાળામાં ધસી આવી ઉગ્ર રજુઆત કરી હોબાળો મચાવતા ટ્રસ્ટ હરકતમાં આવી ગયું હતું અને શાળાના આચાર્ય સહીત ૬ શિક્ષકોને તાત્કાલિક અસરથી ફરજમુક્ત કરતા વાતો કરતા શિક્ષક એકાએક ઉશ્કેરાઈ જઈ ૭ વિદ્યાર્થીનીઓને ક્લાસની બહાર કાઢી અન્ય શિક્ષકો સાથે મળી લાકડી અને ફૂટપટ્ટી લઈ જાણે શેતાન સવાર થયો હોય તેમ તૂટી પડતા મુઢમાર મારવામાં આવતા વિદ્યાર્થીનીઓ પારેવાની જેમ ફફડી ઉઠી હતી અને આ ઘટના અંગે ટ્રસ્ટના પ્રમુખ અને શિક્ષકોએ અંદરો અંદર ભેગા મળી માર મારનાર વિદ્યાર્થીનીઓને ધમકી આપી જણાવ્યું હતું કે તમારા ઘરે કે અન્ય કોઈને આઘટનાની જાણ કરશો તો ભવિષ્ય ખરાબ કરી વિદ્યાર્થીનીઓને માર મારવાની ઘટનાનો ઘટસ્ફોટ થતા મારનો ભોગ બનેલી વિદ્યાર્થીનીઓ અને શાળામાં અભ્યાસ કરતા વાલીઓમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો અને આ અંગે સોમવારે વાલીઓ શાળામાં રજુઆત કરવા પહોંચતા શાળામાં હાજર શિક્ષકોએ ઉલ્ટા ચોર કોટવાલ કો ડાટેની જેમ ટ્રસ્ટના ઉપપ્રમુખ અને સેક્રેટરીની હાજરીમાં તોછડાઈપૂર્વક જવાબ આપી વાલીઓને જોઈ લેવાની ધમકી આપી તમારા ભણવા હોય તો ભણાવો જેવા જવાબ અપાતા મદની સ્કૂલના તાત્કાલિક અસરથી શાળાના આચાર્ય સહીત ૬ શિક્ષકોને ફરજમુક્ત કરતા વાલીઓનો રોષ ઠંડો પડ્યો હતો. વાલીઓએ બે શિક્ષકોની પ્રેમ-પ્રકરણ ચર્ચા ગામમાં તથા વિદ્યાર્થીઓમાં ચર્ચાનું કેન્દ્ર બનાવ છતાં પ્રમુખે આ બંને શિક્ષકો સામે આજદિન સુધી નક્કર પગલા ભર્યા ન હોવાનું જણાવ્યું હતું. કેટલાક વાલીઓ પ્રમુખની કામગીરી અંગે પણ અનેક પ્રશ્નાર્થ ઉભા કરી જ્યારથી આ પ્રમુખે હોદ્દો સંભાળ્યો છે ત્યારથી સંસ્થાની પડતી થઈ રહી હોવાની ચર્ચાએ જોર પકડ્યું હતું.

# ચોમાસા પૂર્વેની કામગીરી પૂર્ણ કરવા તમામ વિભાગોને તાકીદ

## ૧૫ એપ્રિલ સુધીમાં કામગીરીનો અહેવાલ ડિઝાસ્ટરને મોકલો

હિંમતનગર, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લામાં ચોમાસા પૂર્વે વિવિધ વિભાગો દ્વારા ગત વર્ષની જેમ કામગીરી પૂર્ણ કરીને તેનો અહેવાલ આ વર્ષે પણ તા. ૧૫ એપ્રિલ ૨૦૧૮ સુધીમાં જિલ્લાના ડિઝાસ્ટર વિભાગને મોકલી આપવા માટે મંગળવારે તાકીદ કરવામાં આવી છે. જો કે પ્રિમોન્સુન પ્લાનને આખરી ઓપ આપવા માટે આગામી દિવસોમાં કલેક્ટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાશે. જેમાં વિવિધ વિભાગોએ કરેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવશે.

આ અંગે ડિઝાસ્ટર વિભાગમાંથી મળતી માહિતી મુજબ દર વર્ષે ચોમાસા પૂર્વે સરકારના પાણી પુરવઠા, મામલતદાર, વિજકંપની, પુરવઠા, પુર રાહત અને પોલીસ વિભાગ દ્વારા કેટલીક તૈયારીઓ અગાઉથી કરવાની હોય છે. જેના ભાગરૂપે આ વર્ષે પણ ચોમાસા અગાઉ વિવિધ વિભાગોને કરવાની કામગીરી તથા સમારકામની કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરવા માટે જણાવાયુ છે.

જો કે હંમેશની જેમ આ કામગીરી પૂર્ણ કર્યા બાદ તેનો કોમ્પ્યુટરરાઈઝ અહેવાલ તા. ૧૫ એપ્રિલ સુધીમાં ડિઝાસ્ટર વિભાગને મોકલી આપવાનો રહેશે. તમામ વિભાગોના કામગીરીના અહેવાલ આવી ગયા બાદ આગામી દિવસોમાં જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને પ્રિમોન્સુનન પ્લાનની તૈયારીની સમીક્ષા કરવા માટે તમામ વિભાગના વડાઓની હાજરીમાં બેઠક યોજાશે.

# લાંચના ગુનામાં સપડાયેલા જમાદારને દોઢ વર્ષની સજા અને દંડ

હિંમતનગર, તા. ૧૦

ઈડર તાલુકાના બડોલી આઉટ પોસ્ટમાં વર્ષ ૨૦૦૭માં ફરજ બજાવતા એક જમાદારે ફરીયાદ ન કરવા અને તપાસ પડતી મુકવા માટે એક માસ અગાઉ સીયાસણ ગામના શખ્સ પાસેથી રૂ. ૭૦૦ની લાંચ લેતા રંગે હાથ ઝડપાઈ ગયા હતા. જે અંગેનો કેસ બે દિવસ અગાઉ ઈડરની કોર્ટમાં ચાલી જતા ન્યાયાધીશે ભ્રષ્ટાચારની વિવિધ કલમોની જોગવાઈ મુજબ દોઢ વર્ષની સજા અને રૂ. ૩૦૦૦ હજારનો દંડ ફટકાર્યો હતો.

આ અંગેની વિગત એવી છે કે બડોલી આઉટ પોસ્ટમાં ફરજ બજાવતા જમાદાર મોહનલાલ લલ્લુભાઈ પંડ્યાએ સીયાસણ ગામની એક ફરીયાદમાં ફરીયાદીના પુત્ર ડાહ્યાલાલની વિરૂદ્ધમાં ફરીયાદ નહી લેવા માટે તથા તપાસ નહી કરવાના બહાના હેઠળ એક માસ અગાઉ રૂ. ૭૦૦ની લાંચ માંગી હતી. ત્યારબાદ સીયાસણના આ શખ્સે ભ્રષ્ટાચાર નિવારણ અંતર્ગત હિંમતનગર એસીબીમાં જાણ કરીને ગત તા. ૭-૩-૨૦૦૭ના રોજ સીયાસણ ગામે છટકુ ગોઠવ્યુ હતુ. જેમાં બડોલી આઉટ પોસ્ટના જમાદાર મોહનલાલ પંડ્યા રંગે હાથ ઝડપાઈ ગયા હતા.

ત્યારબાદ આ અંગેનો કેસ જિલ્લાના ત્રીજા એડીશનલ સેશન્સ જજ ઈડરની કોર્ટમાં કેસ દાખલ કરાયો હતો જે અંગે બે દિવસ અગાઉ સરકારી વકીલ પ્રણવ જે. સોનીની દલીલો અને પુરાવાને આધારે ન્યાયાધીશે જમાદાર મોહનલાલ પંડ્યાને ભ્રષ્ટાચાર અધિનિયમ ૧૯૮૮ની કલમ ૭ અન્વયે છ માસની સજા અને રૂ. ૧૦૦૦ હજારનો દંડ ફટકાર્યો હતો. ઉપરાંત કલમ ૧૩(૧)(ડી), ૧, ૨, ૩ તથા ૧૩(૨) અન્વયે મોહનલાલ પંડ્યાને કસુરવાર ઠરાવી એક વર્ષની સજા તથા રૂ. ૨૦૦૦નો દંડ ફટકાર્યો છે.





## ખેડબ્રહ્મા નગરપાલિકાના દરવાજામાં જ પાણીનો વેડફાટ

ગરમીની શરૂઆત થઈ ગઈ છે અને થોડા સમયમાં જ શહેરમાં પાણીનો કકળાટ શરૂ થઈ જશે પણ લોકોમાં પાણી બચાવવા કોઈ જાગૃતા દેખાતી નથી. ખેડબ્રહ્મા શહેરની નગરપાલિકા દ્વારા રાહદારીઓ માટે નગરપાલિકાના મેઈન ગેટ પાસે પાણીની પરબ બનાવવામાં આવી છે. તેમાં બે નળ લગાડવામાં આવ્યા છે જેમનો એક નળ છેલ્લા પંદર દિવસથી બગડેલો હોઈ તેમાંથી પાણી વહી રહ્યું છે. જેના કારણે પાણીનો બગાડ થઈ રહ્યો છે. નગરપાલિક શહેરીજનો પાસે પાણી બચાવવાની અપેક્ષા રાખે છે પરંતુ નગરાલિકાના દરવાજા પાસે પાણી બગાડ થઈ રહ્યો છે તે બંધ કરી શકતા નથી.

# બનાવટી ઘીનું વેચાણ કરતા પકડાયેલા શખસને ૩૧ હજારનો દંડ ફટકાર્યો

પાલનપુર શહેરમાં બે વર્ષ અગાઉ શહેરના રહેણાંક વિસ્તાર દેવસૃષ્ટિ સોસાયટીના મકાનમાંથી ફૂડ વિભાગે લૂઝ ઘીનું સેમ્પલ લીધું હતું જેને ફૂડ લેબોરેટરીમાં પરીક્ષણ અર્થે મોકલ્યા બાદ તે સેમ્પલ ફેલ થયુ હતું અને તેનો કેસ ચાલી જતાં આરડીસીએ ૩૧ હજારનો દંડ ફટકાર્યો છે. બે વરસ અગાઉ પોલીસની બાતમીના પગલે લૂઝ ઘીના પાલનપુર ફુડ વિભાગ દ્વારા સેમ્પલ લેવાયા હતા.

પાલનપુર શહેરના માર્કેટયાર્ડ પાછળના દેવસૃષ્ટિ સોસાયટીમાં રહેતા સુરેશ હરગોવનદાસ મોદીના રહેણાંક મકાનમાં ૩૦ જૂન-૨૦૧૬ ના રોજ લૂઝ ઘીના સેમ્પલ લઈ ફૂડ લેબોરેટરી વડોદરામાં મોકલ્યા હતા. જેમાં સેમ્પલ સબસ્ટાન્ડર્ડ હોવાનું સામે આવતા કલેકટર સમક્ષ કેસ દાખલ થયો હતો. જેમાં ૩૧હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.

# કઠવાવડીમાં કારે ટક્કર મારતા રાહદારીનું મોત

હિંમતનગર, તા. ૧૦

વિજયનગર તાલુકાના કઠવાવડી ગામે ગત રવિવારે અજાણી કારના ચાલકે ગફલત ભરી રીતે ડ્રાઈવીંગ કરી એક રાહદારીને હડફેટે લેતા તેને ગંભીર ઈજા થઈ હતી. જેથી આ ઈજાગ્રસ્તને સારવાર માટે ખસેડાયો હતો. જ્યાં તેનુ મોત નિપજ્યુ હતુ. જેથી મૃતકના ભત્રીજાએ અજાણ્યા કારચાલક વિરૂદ્ધ સોમવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે કઠવાવડી ગામના ઈશ્વરસિંહ કેશરસિંહ ચૌહાણે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૮ એપ્રિલના રોડ કઠવાવડી ગામેથી પસાર થઈ રહેલા એક અજાણી કારના ચાલકે ગફલત ભરી રીતે ડ્રાઈવીંગ કરી તેમના કાકા શિવસિંહ મોતીસિંહ ચૌહાણ ચાલતા જતા હતા ત્યારે તેમને હડફેટે લીધા હતા. જેથી શિવસિંહ ચૌહાણને ગંભીર ઈજા થતા સારવાર માટે ખસેડાયા હતા. જ્યા તેમનું મોત નિપજ્યુ હતુ જેથી ઈશ્વરસિંહ ચૌહાણે અકસ્માત કરી ભાગી ગયેલા અજાણ્યા કારચાલક વિરૂદ્ધ સોમવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.





## અરવલ્લી જીલ્લા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની વિશ્વ આરોગ્ય દિવસની અનોખી ઉજવણી

અરવલ્લી જીલ્લા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા મોડાસા શહેરની ઈન્ડિયન મેડિકલ એશોસિએશન મોડાસા શાખાના ગેબીનાથ મહાદેવ સામે આવેલા હોલમાં મોડાસા શહેરમાં આરોગ્ય સેવાઓ આપતા અને ખુબ જાણીતા તબીબોની આરોગ્યલક્ષી સેવાઓને બિરદાવી ફૂલછડી આપી ખાદીની શાલ પહેરાવી સન્માનિત કાર્ય હતા. તદઉપરાંત મોડાસાની ખાનગી હોસ્પિટલોમાં સારવાર અપાતા તબીબોને પણ ફૂલછડી આપી તેમના આરોગ્યલક્ષી સેવાઓને બિરદાવી વિશ્વ આરોગ્ય દિવસની અનોખી રીતે ઉજવણી કરી હતી. આ પ્રસંગે અરવલ્લી જીલ્લા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના ભરતભાઈ પરમાર અને હોદ્દેદારો અને સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.